ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર
પરીક્ષા વિનિયમો-૨૦૦૫ (સુધારેલા) માં વિનિયમ-૨૦
માં સુધારો કરવા બાબત.

**ગુજરાત સરકાર**
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મશબ/૨૦૦૫/૧૨૩૩/(પાર્ટ-૧)/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ૧૭/૦૨/૨૦૧૨

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા.૨૪/૦૧/૨૦૧૧ના પત્ર ક્રમાંકઃ મઉમશબ/ક/ટે-૬/૫/પ.વિ./૧૪૯૨.

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા.૧૬/૦૯/૨૦૧૧ના પરીક્ષા સમિતિના ઠરાવ ક્રમાંકઃ ૪૫/૧૧.

<u>ઠ રા વઃ-</u>

આમુખ (૧) માં દર્શાવેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો-૨૦૦૫ (સુધારેલા) વિનિયમ ૨૦ માં સુધારા-વધારા કરવા બાબતની દરખાસ્ત મળેલ હતી જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ (સુધારેલા)-૨૦૦૫ ના વિનિયમ-૨૦ માં આ સાથેના પત્રકમાં કોલમ-૨ માં હાલની જોગવાઇને બદલે કોલમ-૩ મુજબ નવી જોગવાઇને આથી મંજૂરી આપવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

( બી. આર. ઠકકર )
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

(૧) માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

(૪) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. (સંબંધિતોને પરિપત્રિત વિનંતી સહ.)

(૫) કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજનાઅને શાળાઓ, ગાંધીનગર.

(૬) કોમ્પ્યુટર સેલ.

(૭) નાયબ સેકશન અધિકારીશ્રી,

(૮) સિલેકટ ફાઇલ.

શિક્ષણ વિભાગના તા.૧૭/૦૨/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંકઃ મશબ/૨૦૦૫/૧૨૩૩/(પાર્ટ-૧)/છ, સાથેનું બિડાણ-

| કલમ | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|
| ૨૦ | માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માટેના ભાષા સિવાયના પ્રશ્નપત્રો ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં તૈયાર કરવામાં આવશે. માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માટેના ઉમેદવારો પરીક્ષાના પ્રશ્નપત્રોના ઉત્તરો વિકલ્પે અંગ્રેજી, ગુજરાતી, મરાઠી, ઉર્દૂ, હિન્દી, સિંધી, તામિલ કે તેલુગુ ભાષામાં આપી શકશે, જયારે ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના ઉમેદવારો પ્રશ્નપત્રોના ઉત્તરો ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી ભાષામાં જ આપી શકશે. મરાઠી કે હિન્દી માટેની લિપિ દેવનાગરી રહેશે. | માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અને ઉ. મા. પ્રમાણપત્ર પરીક્ષા માટેના ભાષા સિવાયના પ્રશ્નપત્રો ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં તૈયાર કરવામાં આવશે.<br><br>માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માટેના ઉમેદવારો પરીક્ષાના પ્રશ્નપત્રોના ઉત્તરો (વિકલ્પે) અંગ્રેજી, ગુજરાતી, મરાઠી, ઉર્દૂ, હિન્દી, સિંધી, તામિલ, તેલુગુ કે ઉડિયા ભાષામાં આપી શકશે,<br><br>ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માટેના ઉમેદવારો પરીક્ષાના પ્રશ્નપત્રોના ઉત્તરો (વિકલ્પે) અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, મરાઠી, ઉર્દૂ, સિંધી, તામિલ ભાષામાં આપી. શકશે.<br><br>મરાઠી કે હિન્દી માટેની લિપિ દેવનાગરી રહેશે. |
| | | |